# Radha Ne Shyam 2.0 Lyrics | Sachin Sanghvi | Sachin Jigar

કે તારી માટે નઈ તો રાધા માટે આવ આવ શ્યામ
વનરાવન રે બોલાવે
કે તારી માટે નઈ તો રાધા માટે આવ આવ શ્યામ
વનરાવન રે બોલાવે
હો રાસ રે ભુલાયો કાન્હા
સૂર રે રેલાયો કાન્હા
રાસ રે ભુલાયો મીઠો
સૂર રે વેરાયો
તુ તો કીધા વનિ ચાલી ગયો શ્યામ હો
વનરાવન રે બોલાવે
કે તારી માટે નઈ તો રાધા માટે આવ આવ શ્યામ
વનરાવન રે બોલાવે

છોડી લીલો છાંયડો શું કામ
ગયો કોરા રંગાઇ ને તીર
તારા તે વજિોગમાં હો શ્યામ
ખારા થયા જમના ના નીર

ધોળા દરયિાના તીર
કાળા જમુનાના નીર
એવા વચ માં છે રાધા કેરી નાર હો
હજુ દનિ રાત કાન્હા જુવે તારી વાટ કાન્હા
હજુ દનિ રાત ઘેલી જુવે તારી વાટ
હજુ ઘેલી તું એને ના તલાશ
ઓ વનરા વન તે બોલાવે
કે તારી માટે નઈ તો રાધા માટે આવ આવ શ્યામ
વનરાવન રે બોલાવે

મીઠી મીઠી મોરલીનો નાદ આવ્યો
શ્યામ આયો રે મારો શ્યામ
આયો રે શ્યામ
દીઠી દીઠી રાધા ને સુવાંગ રમે
શ્યામ રમે રે રાધા શ્યામ

હો ઉગ્યો ચોકમાં ઉજાસ
જાંખુ ચાંદાનું આકાશ
પૂરી થાશે સૌ ની આશ
જાગ્યો રૂવે રૂવે રાસ
રમે શ્યામ રમે રે રાધા શ્યામ

ઓ વાજે અનહદ નાદ
ગૂંજે અંતરમાં સાદ
આજે પ્રેમ ની સુવાસ
જાગ્યો રોમે રોમે રાસ

રમે શ્યામ જામ્યો રે રાધા શ્યામ
રમે રે રાધા શ્યામ
રમે રે રાધા શ્યામ
રમે રે રાધા શ્યામ
રમે રે રાધા શ્યામ
રમે રે રાધા શ્યામ
રમે રે રાધા શ્યામ.

GujaratiLyrics.com